## બોટાદનાં મે. ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં,બોટાદ

ફોજદારી કેસ નંબર–૬૪૨૧/૨૦૨૬

આંક :૭

ફરિયાદી ::– શ્રી સરકાર.

વિરૂધ્ધ

આરોપી ::– યુનુસભાઈ જમાલભાઈ ભાડુલા ઉ.વ.૨૮
રહે.બોટાદ ઠે.સાળંગપુર રોડ, પોસ્ટ ઓફીસ પાસે,
મહમદગફુર સોસાયટી તા.જી.બોટાદ

ગુનો :– ગુજરાત પ્રોહીબીશન એકટ ૧૯૪૯ તથા સુધારો ૨૦૧૬ ની કલમ–૬૫ (એ)(એ) મુજબ

:: ઠ રા વ ::

૧.. ફરિયાદ પક્ષનાં કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામનાં આરોપીએ ફરીયાદમાં જણાવેલ તારીખ, સમય, અને સ્થળે પોતાના કબ્જામાં વગર પાસ પરમીટે **દેશી પીવાનો** દારૂ **દેશી લીટર–૫** મળી આવેલા.જેથી ફરિયાદીએ આરોપી વિરૂધ્ધ સરકાર તરફે ફરિયાદ આપતાં, ગુનો રજીસ્ટરે લઈ, તપાસ કરનાર અમલદારે આરોપીને અટક કરી, તપાસનાં અંતે આરોપી વિરૂધ્ધ અત્રેની કોર્ટમાં ગુજરાત પ્રોહીબીશન એકટ ૧૯૪૯ તથા સુધારો ૨૦૧૬ ની કલમ– ૬૫ (એ)(એ), મુજબનાં ગુનાં સબબ ચાર્જશીટ રજુ કરેલ છે.

૨.. ચાર્જશીટ દાખલ થયા બાદ, આરોપીને સમન્સ કરતાં, આરોપી નામદાર અદાલત રૂબરૂ હાજર થતાં, તેઓને પોલીસ તપાસનાં કાગળોની નકલ વિનાં મૂલ્યે આપવામાં આવ્યા બાદ, આરોપીએ પોતાની ગુનાં કબૂલાત પુરશીશ રજુ રાખેલ છે અને આરોપીએ પોતાની સામેનાં ગુનાંનો એકરાર કરેલ છે અને ત્યાર બાદ આરોપી વિરૂધ્ધ ત્હોમતનામું ઘડી, આરોપીની પ્લી લેતાં, આરોપીએ ફરીથી ગુનાંનો એકરાર કરેલ છે. આરોપીએ એવી રજુઆત કરેલ છે કે, આ તેઓનો પ્રથમ ગુનો છે, અજ્ઞાનતામાં ગુનો બનવા પામેલ છે, ભવિષ્યમાં ફરી આવો ગુનો ન બને તેની તકેદારી રાખીશું, ગરીબ ઈસમ છીએ, જેથી દયાની અરજ ગુજારેલ છે.

૩.. આમ, આરોપીની સ્વૈચ્છિક ગુનાં કબૂલાત, આરોપીની રજુઆત, ગુનાંનું સ્વરૂપ, કેસનાં સંજોગો તથા આરોપીની વય તેમજ આરોપીની આર્થિક અને સામાજિક પરિસ્થિતી વિગેરે લક્ષમાં લેતાં, તેમજ સજાની જોગવાઈ ધ્યાને લેતાં, ગુજરાત પ્રો.એકટની કલમ–૬૫ (એ)(એ), ની સજાની જોગવાઈ જોતા તેમા ૩ વર્ષ સુધી લંબાવી શકાય તેવી કેદની અને દંડની સજાની જોગવાઈ છે. હાલના કેસમા સંજોગો જોતાં, કાયદામા જેટલી સજાની જોગવાઈ કરવામાં આવેલ હોય, તેના કરતાં ઓછી સજાની જોગવાઈ કરવા અંગે નામ. ગુજરાત હાઈકોર્ટનો ડીવીઝન બેન્ચ નો ચુકાદો

**નટવર હરચંદજી ઠાકોર વી. ગુજરાત રાજય ના ૨૦૦૫(૧) જી.એલ.આર.૭૦૯** ના સિધ્ધાંતમા પ્રસ્થાપીત કરેલ છે કે જયારે પુરતા અને વ્યાજબી કારણ હોય ત્યારે આરોપીને કાયદામાં જણાવેલ સજા કરતા પણ ઓછી સજા કરી શકાય છે. તેમજ નામ.ગુજરાત હાઈકોર્ટના ચુકાદા નં.**(૧) રમેશ ભીખાલાલ સોની વી.ગુજરાત રાજય જી.એલ.આર.૨૦૧૩(૨)૯૭૪** તેમજ (૨) **રાજેશકુમાર રતનલાલ સીઘી ૨૦૧૫(૩૮) જી.એચ.જે. પાન નં. ૩૫૪** ના ચુકાદાઓમા પણ જણાવેલ કે જયારે પુરતા અને વ્યાજબી કારણ હોય કાયદામાં જણાવેલ સજા કરતા પણ ઓછી સજા કરી શકાય, જેથી હાલના કેસમા આરોપીની રજુઆત તથા કેસના સંજોગો ધ્યાને  લેતા હાલના આરોપીનો પ્રથમ ગુનો છે અને કુટુંબ કબીલાના માણસ છે અને આરોપીના સામાજીક તથા આર્થીક સંજોગો જોતા આરોપીને કાયદામાં જે સજા જણાવેલ હોય તેનાથી ઓછી સજા કરવાથી ન્યાયનો હેતુ જણવાય રહેશે જેથી નીચે મુજબનો હુકમ કરૂ છું.

**:: હુકમ ::**

આરોપીને ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા,૨૦૨૩ ની કલમ–૨૭૧ અન્વયે, ગુજરાત પ્રોહીબીશન એકટ ૧૯૪૯ તથા સુધારો ૨૦૧૬ ની **કલમ– ૬૫(એ)(એ)** મુજબનાં ગુનાં અંગે તકસીરવાન ઠરાવી, કોર્ટ ઉઠતા સુધીની સજા તથા પ્રત્યેક આરોપી દીઠ રૂા.૩૦૦/– (અંકે રૂપિયા ત્રણસો પુરા) દંડ, દંડ ન ભરે તો દિવસ–૦૩ (ત્રણ)ની સાદી કેદની સજા ફરમાવવામાં આવે છે.

મુદામાલ દારૂનો અપીલ સમય બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજરોજ બોટાદ મુકામે **સ્પે. સિટીંગમાં** વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૧૧/૦૭/૨૦૨૬.

**(એમ.એસ.સોની )**
ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ
બોટાદ.
કોડ નં જી જે ૦૧૨૬૨

પાવતી નંબર–.. .... દંડની રકમ
રૂ.૩૦૦ (અંકે રૂપિયા ત્રણસો પુરા) વસુલ લીધા.
તા.૧૧/૦૭/૨૦૨૬.

નાઝર
ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ બોટાદ